તા.૧૨/૦૨/૨૦૨૨ ના બોર્ડ ઓફ ડાયરેકટર્સની મીટીંગમાં ઠરાવ નં.૧૩ થી મંજુર કરવામાં આવેલ.

## નામજોગ વ્યકિતગત /મંડળી મારફત પશુપાલકો માટે પશુ નિભાવ લોનની ધિરાણનિતિ.

| ક્રમ | મુદ્દા | વિગત |
|---|---|---|
| ૧ | હેતુ | • પશુ દાણ ખરીદવા માટે ધિરાણની સુવિધા આપવા બાબત |
| ૨ | લોન મેળવવાની પાત્રતા | • બેંકમાં થાપણ ખાતુ ધરાવતો હોવો જોઈએ.<br>• અરજદાર/જામીનને બેંકના નોમીનલ સભ્ય બનાવવાના રહેશે.મંડળી મારફતે ધિરાણ મેળવવા માંગતા હોય તો મંડળીનો સભ્ય હોવો જોઈએ.<br>• કાર્યવિસ્તારનો રહેવાસી હોવો જોઈએ.<br>• અરજદાર/સહઅરજદારની ઉંમર ૧૮ વર્ષથી ઉપરની હોવી જોઈએ. તથા અરજદારની ઉંમર ૬૦ વર્ષથી વધુ હોય તો ઘરના અન્ય કોઈ નાની ઉમરના સભ્યને સહઅરજદાર બનાવવાના રહેશે.<br>• મંડળીનો ઓડીટ વર્ગ "અ","બ" અથવા "ક" હોવો જોઈએ.<br>• પશુપાલક હોવો જોઈએ.<br>• મિલ્કત ધરાવતા બે જામીન આપવાના રહેશે.<br>• અરજદાર અન્ય મંડળી કે બેંકનો બાકીદાર ન હોવો જોઈએ પરંતુ આ હેતુ સિવાય અન્ય હેતુ માટેની લોન મેળવેલ હશે અને તે લોન મુદતવિતિ નહીં હોય તો લોન આપી શકાશે. |
| ૩ | રીપેઈંગ કેપેસીટી | • અરજદારની વાર્ષિક આવક ઓછામાં ઓછી રૂા.૧,૦૦,૦૦૦/– ની હોવી જોઈએ. |
| ૪ | લોનની મર્યાદા | • એક પશુ દિઠ સ્કેલ ફાઈનાન્સ પ્રમાણે ખેતિ વિષયક જમીન વિહોણા પશુ પાલકો માટે ૪ પશુઓ માટે તથા ખેતી વિષયક જમીન ધરાવતા પશુ પાલકો માટે ધારણ કરેલ પશુઓની સંખ્ય તથા અરજદાર ની રીપેઈંગ કેપીસીટી મુજબ ધિરાણ મંજુર કરી શકાશે.પરંતુ સરકારશ્રી ધ્વારા વધુમાં વધુ રૂા.૨,૦૦,૦૦૦/– પરંતુ પાક ધિરાણ મેળવેલ હશે તો આ ધિરાણ સહિત રૂા.૩,૦૦,૦૦૦/– સુધી વ્યાજ સહાયનો લાભ મળશે. |
| ૫ | મુદત | • લોનની મુદત ૫ વર્ષની રહેશે.૫ વર્ષ પુર્ણ થયેલ નવેશરથી લોન બોર્ડ ઓફ ડાયરેકટર્સ પાસે મંજુર કરાવવાની રહેશે.વર્ષમાં સભાસદના ખાતામાં એક વખત બેલેન્સ નીલ થવુ જોઈએ.<br>• (૩૬૪ દિવસથી વધારે સમય થઈ જશે તો ઈન્ટરેસ્ટ સબવેન્શન મળશે નહી.) |
| ૬ | જામીનગીરી | • બેંકને માન્ય હોય તેવા બે સધ્ધર જામીન મિલ્કત/ખેતીની જમીન ધરાવતા હોય તેના આધારો સાથે આપવાના રહેશે જેમને નોમીનલ સભ્ય બનાવવાના રહેશે. |
| ૭ | વ્યાજનો દર | • બેંક મંડળી પાસે ૬% વ્યાજ આકારશે તથા મંડળી સભાસદ પાસે ૭% વ્યાજ આકારી શકશે ડાયરેકટ ધિરાણ મેળવતા સભાસદો પાસેથી ૭% વ્યાજ આકારાશે. પંરતુ રૂા.૩,૦૦,૦૦૦/– ઉપર વ્યાજનો દર ૧૧% રહેશે.<br>(વ્યાજના દરમા ફેરફાર કરવાનો બેંકને અધિકાર રહેશે.) |
| ૮ | વ્યાજની આકારણી | • વ્યાજની આકારણી હિસાબી વર્ષ મુજબ વાર્ષિક ધોરણે કરવામાં આવશે. |
| ૯ | શેર/ડીપોઝીટ | • સભાસદોએ મંડળીના ધારણ કરવાના શેરનું ધોરણ :<br>(અ)મોટા ખેડુત વિભાગ<br>પ્રથમ વર્ષે કુલ્લ ઉપાડના ૭ % તથા ત્યારબાદ દર વર્ષે ઉપાડના ૧% લેખે એકંદરે લોન બાકીના ૧૨% સુધી<br>(બ) નાના ખેડુત વિભાગ<br>પ્રથમ વર્ષે કુલ્લ ઉપાડના ૫ % તથા ત્યારબાદ દર વર્ષે ઉપાડના ૧% લેખે એકંદરે લોન બાકીના ૧૦% સુધી<br>• મંડળીઓએ બેંકના ધારણ કરવાના શેરનું ધોરણ : |

The Kachchh Dist. Central Co-Op. Bank Ltd. (O) BHUJ Kachchh

| | | |
|---|---|---|
| | | (અ)મોટા ખેડુત વિભાગ<br>પ્રથમ વર્ષે કુલ્લ ઉપાડના ૫ % તથા ત્યારબાદ દર વર્ષે ઉપાડના ૧% લેખે એકંદરે લોન બાકીના ૧૦% સુધી<br>(બ) નાના ખેડુત વિભાગ<br>• પ્રથમ વર્ષ કુલ્લ ઉપાડના ૪ % તથા ત્યારબાદ દર વર્ષે ઉપાડના ૧% લેખે એકંદરે લોન બાકીના ૭% સુધી<br>• ડાયરેકટ ધિરાણ મેળવતા સભાસદોએ મંજુર લોનના ૫% થાપણ બેંકમાં રાખવાની રહેશે. |
| ૧૦ | સીકયુરીટી | • ખેતિવિષયક જમીન પર બેંકનો બોજો નોંધાવવાનો રહેશે. |
| ૧૧ | પેમેન્ટ | • મંડળી મારફતે ધિરાણ મેળવતા સભાસદોને ડી.એમ.આર.એકાઉન્ટમાંથી તથા ડાયરેકટ ધિરાણ મેળવતા સભાસદોને બચત ખાતે રકમ ટ્રાન્સફર કરી ઉપાડ આપવાનો રહેશે. |
| ૧૨ | લોન અરજી સાથે બિડવાના આધારો | • બેંકના નમુનામાં અરજી<br>• અરજદાર અને બે જામીનદારના તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ<br>• અરજદાર તથા જામીનદારના આઈ.ડી.પ્રુફ,અને એડ્રેસપ્રુ. (આધાર કાર્ડ,પાનકાર્ડ,ચુંટણી કાર્ડની,ડ્રાઈવીગ લાયસન્સ,પાસપોર્ટની નકલ)<br>• વાર્ષિક આવકનો દાખલો<br>• તલાટીનો અરજદાર પશુ ધરાવે છે તેવો રેકર્ડ આધારીત દાખલો<br>• ડાયરેકટ ધિરાણ મેળવતા અરજદારનો સીબીલ રીપોર્ટ તથા લગત મંડળીનું નો–ડયુ સર્ટીફીકેટ<br>• ડાયરેકટ ધિરાણ મેળવતા સભાસદોના જામીનદારોનું લેખિત સંમતીપત્ર |
| ૧૩ | લોન સમયે લેવાના દસ્તાવેજ | • પ્રોમીશરી નોટસ<br>• લેટર ઓફ કન્ટીન્યુઈગ ગેરન્ટી<br>• કર્જ ખત<br>• ખેતિવિષયક જમીન પર બોજો નોંધાવ્યાની કાચી નોંધ તથા એકરાર નામા |

The Kachchh Dist. Central Co-Op. Bank Ltd. (O) BHUJ Kachchh

ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર